|| સનાતન પરમો ધર્મ ||

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોસીયલ મિડીયા

# સનાતન ધર્મ પત્રિકા

FOR MEMBERS INTERNAL CIRCULAR

● સં -૨૦૭૮ ●મહા વદ-૧ ● તા ૧૭-૦૨-૨૨ ● ગુરુવાર SDP NO:666 MOB.:+91 7801877774,+91 7718977774 ankasantandharmpatrika@gmail.com

## મૃત્યુ બાદ પણ જીવન જીવનાર સ્વ.અરવિંદભાઈ લીંબાણી, હૈદરાબાદને " માનવતા ગૌરવ એવોર્ડ " થી સન્માનિત કરવામાં આવશે

### ઓર્ગન ડોનેશન, અંગદાન મહાદાન, પ્રભુના પર્યાય બન્યા

ભાઈ શ્રી અરવિંદભાઈ આપણી વચ્ચે નથી રહ્યા. એમના અચાનક અવસાન બાદ જે વિપદાઓ એમના પરિવાર પર આવી હશે તેનો કોઈ પાર નથી.

પણ આ વિષમ પરિસ્થિતિ માં પણ જે સરાહનીય કાર્ય કર્યું છે એ કબીલેદાદ છે. આ કાર્ય માં એમના પરિવાર જનો સાચેજ અરવિંદભાઈ ને પુનઃ જીવત કર્યા છે. તેઓ કોઈના માટે જીવતદાન નું ઉત્તમ કાર્ય કર્યું છે એની પ્રેરણા પ્રભુએ જ આપી હશે એટલે એમ કહી શકીએ કે પ્રભુ કોઈને બચાવે ને જીવાડે છે એ કામ અરવિંદભાઈ ના શરીર ના અંગો કરશે.. એટલે એમ જ થયું ને કે પ્રભુ નું કાર્ય અરવિંદભાઈ એ કર્યું. મતલબ પ્રભુ ના પર્યાય બની ને કોઈના જીવન માં તંદુરસ્ત જીવન આપ્યું..

આ સરાહનીય કાર્ય માટે એમના પરિવાર ને યુવાસંઘ હેલ્થ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ ની સમિતિ દંડવત પ્રણામ કરે છે. આ કાર્ય માં ઉર્જા આપનાર નું અભિવાદન કરે છે.

યુવાસંઘ નું આ માનવતા ગૌરવ એવોર્ડ મેળવનાર અરવિંદભાઈ અને એમનો સમગ્ર પરિવાર સમગ્ર ભારત માં કડવા સમાજ હોય કે રાષ્ટ્ર હોય તેનું આદર્શ પરિવાર નું બિરુદ મેળવ્યું છે.

શ્રી સમાજ ની પ્રચાર અને પ્રસાર ટીમ સહુ કાર્યકર ને અભિનદીત કરે છે..

માનવ જીવન નું બૌદ્ધિક સ્તર જે અન્ય કરતા સવિશેષ છે એની સાચી પ્રતીતિ આ પરિવાર અને સ્થાનિક કાર્યકરો એ આફતમાં એક અવસર નું નિર્માણ કર્યું એ વદન ને કબીલેદાદા કાર્ય કર્યું છે.

**સનાતન ધર્મ પત્રિકા, પ્રચાર અને પ્રસાર.**
**હેલ્થ અને ડિઝાસ્ટર મિશન, યુવાસંઘ.**

**અંગદાન--મહાદાન**

એજ આફત ને અવસર માં બદલી કોઈ ના અંધકાર માં ઉજાસ આપવાનું કાર્ય.

હૈદરાબાદ સમાજના કારોબારી સભ્ય સ્વઃઅરવિંદ પ્રેમજી લીંબાણી જેમને જીવન પર્યત સમાજમા પટેલ યુવક મંડળ અને ત્યારબાદ સમાજ મા સેવા આપી સમાજ સેવા ભાવ ને દર્શાવેલ. આજે તેઓ મૃત્યુ બાદ અંગદાન કરીને અન્ય પાંચ લોકો ને જીવન દાન આપી અમરત્વ પ્રાપ્ત કરેલ છે.

આવા સેવાભાવિ સ્વઃઅરવિંદભાઈ અને એમના પરિવાર ને શત શત નમન જેમણે મૃત્યુને પણ હાથતાળી આપી અન્ય ના જીવન માં પ્રત્યારોપણ થઇ ને જિંદગી ને આદર્શ બનાવીને આપણી સમાજને મૃત્યુપર્યન્ત ગૌરવનો અનુભવ કારવેલ તે બદલ આપણે સર્વે નતમસ્તક છીએ.

ઘટનાની દુઃખદ જાણકારી નીચે મુજબ છે

આપણી સ્થાનિક હૈદરાબાદ સમાજના કારોબારી સભ્ય સ્વઃઅરવિંદભાઈ પ્રેમજી લીંબાણી (૫૫) ને બ્રેઈન ડેડ જાહેર કરાયેલા. પરિવારજનોએ મૃતકના અંગોનું દાન કરવાનો નિર્ણય લીધેલ.

**ઘટનાઃ-**

૧૦ ફેબ્રુઆરીના રોજ, આદર્શનગર, નાગોલના રહેવાસી અરવિંદ પ્રેમજી લીંબાણી બડંગપેટ ખાતે ચાલતા જતા હતા ત્યારે એક ટુ-વ્હીલર મોટરબાઈકરે ટક્કર મારી હતી. તેમને માથામાં ગંભીર ઈજાઓ થઈ હતી અને સત્વરે એમને યશોદા હોસ્પિટલ, મલકપેટમાં ઇમરજન્સી માં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં એમને ત્રણ દિવસ સુધી સઘન સંભાળમાં સારવાર લીધી હતી. તેમની તબિયતમાં કોઈ સુધારો ન થતાં, "ન્યુરો-ફિઝિશિયન્સની" ટીમે ૧૨ ફેબ્રુઆરીના રોજ તેમને મગજની ઈજા સહિત પોલી-ટ્રોમાને કારણે બ્રેઈન ડેડ જાહેર કર્યા હતા.

રાજ્ય દ્વારા સંચાલિત અંગદાન પહેલ મા જીવનદાન અને યશોદા હોસ્પિટલના કાઉન્સેલરોએ અરવિંદભાઈ ના પરિવારના સભ્યોને કાઉન્સેલિંગ કર્યું, જેમાં તેમની પત્ની



అయిదుగురి జీవితాల్లో వెలుగు

ఈనాడు, హైదరాబాద్: జీవన్మృతుడి అవయవదానం అయిదుగురి జీవితాల్లో వెలుగులు నింపింది. నాగోల్ ఆదర్శ్‌నగర్‌కు చెందిన అర్వింద్ పటేల్(55) కలప వ్యాపారి. ఆయనకు భార్య, ఇద్దరు పిల్లలున్నారు. ఈనెల 10న ఇంటి నుంచి దుకాణానికి వెళుతుండగా ద్విచక్ర వాహనం ఢీ కొట్టడంతో తలకు తీవ్ర గాయాలయ్యాయి. సమీపంలోని ఓ ప్రైవేటు ఆసుపత్రికి తరలించారు. అక్కడి నుంచి మలక్‌పేటలోని యశోదా ఆసుపత్రికి తరలించారు. మూడు రోజుల పాటు చికిత్స అందించిన వైద్యులు బ్రెయిన్‌డెడ్ (జీవన్మృతుడు) అయినట్లు నిర్ధారించారు. విషయం తెలుసుకున్న జీవన్‌దాన్ బృందం ఆయన భార్య సవిత, కుటుంబీకులకు అవయవదానంపై అవగాహన కల్పించారు. వారు అంగీకరించడంతో అతని రెండు కిడ్నీలు, కాలేయం, రెండు కంటి కార్నియాలు సేకరించారు. వాటిని ప్రాణాపాయ స్థితిలో ఉన్న వారికి అమర్చినట్లు జీవన్‌దాన్ ఇన్‌చార్జి డాక్టర్ స్వర్ణలత తెలిపారు.

అర్వింద్ పటేల్

**માનવતા ગૌરવ એવોર્ડ યુવાસંઘ દ્વારા એનાયત કરવામાં આવશે એવા સ્વ.અરવિંદભાઈ લિંબાણી ના મૃત્ય બાદ તેમના અવયવ દાન થકી બીજાની જિંદગી બચાવીને સરાહનનીય કાર્ય ને બિરદાવતા સ્થાનિક તેલુગૂ ભાષા સમાચાર પત્ર ઈનાડૂ સાથે આજે સનાતન પત્રિકા પણ વિશેષ કવરેજ આપે છે. અરવિંદભાઈ લીંબાણી ઉમર ૫૫ વર્ષ, હૈદરાબાદ સમાજ ના કારીબારી સભ્ય, કચ્છ ગામ દેશલપર (ગુતલી) નખત્રાણા.**

સવિતાબેન અરવિંદ લીંબાણી અને બે પુત્રો જયેશ લીંબાણી અને વિજય લીંબાણી અને ભાઈઓ સુરેશ પ્રેમજી લીંબાણી અને જયંતિ પ્રેમજી લીંબાણી હતા, જેઓ તેમના અંગોનું દાન કરવા સહમત થયા હતા.સર્જનોએ બે કિડની, એક લીવર અને બે કોર્નિયા સહિત પાંચ અંગો મેળવ્યા અને અંગદાનની માર્ગદર્શિકાના આધારે વિવિધ ટ્રાન્સપ્લાન્ટ કેન્દ્રોમાં મોકલ્યા.

પરમકૃપાળુ માં ઉમિયા ને પ્રાર્થના કે ભાઈશ્રી અરવિંદની આત્માને શાંતિ આપે અને પરિવાર જનોને અચાનક આવેલ દુઃખ ને સહન કરવાની શક્તિ અર્પે.

પરિવાર.. આપના શોકાતુર આત્મિયજનો.

પિતાશ્રીઃ પ્રમજી ધનજી લીંબાણી

માતાશ્રીઃ દેવમણી પ્રેમજી લીંબાણી

ધર્મપત્નીઃ સવિતાબેન અરવિંદ લીંબાણી

ભાઈઃ સુરેશ પ્રેમજી લીંબાણી ભાઈઃ જયંતિ પ્રેમજી લીંબાણી

પુત્રઃ જયેશ અરવિંદ લીંબાણી પુત્રઃ વિજય અરવિંદ લીંબાણી **સ્થાનિક હૈદરાબાદ સમાજ,હેલ્થ અને ડિઝાસ્ટર મિશન, TAP રિજીયન યુવાસંઘ.**
**સંકલન પ્રચાર પ્રસાર ટીમ TAP**

જીવન તો ઈશ્વર અનુકંપાથી મળે છે, પણ એ જીવન ને પ્રેરણાદાયી બનાવવું એ આપણા પુરુષાર્થ ની વાત હોય છે... તત્પશ્ચાત પણ જીવનની અંતિમ વેળા એટલે કે મૃત્યુને પણ ઉત્સવમાં બદલી હંમેશા હંમેશા માટે અમર થઈ જવું એના માટે તો ન જાણે કેટલાક જન્મોની પુણ્યાઈ જોઈએ..

હૃદય થી નતમસ્તક છીએ જીવન પર્યંત અને મૃત્યુ પર્યંત પણ સમાજ સેવાનાં હવનમાં પોતાના જીવનની આહુતિ આપી પોતાના પુણ્યો ની ગઠરીને વધારનાર સ્વ.અરવિંદ લીંબાણીને.

જેઓ આજે અંગદાતા બની સહુ માટે પ્રેરણાપુંજ બની પ્રભુનાં પર્યાય બન્યા છે ..

અને ખરા હૃદય થી કૃતજ્ઞતા પૂર્વક નમન વંદન પરિવારજનો ને જેઓ એ આવા સંવેદનશીલ દુઃખ ની ઘડીમાં પણ માનવ કલ્યાણ નાં ધ્યેયને સર્વોપરી માની પોતાના વિવેકબુદ્ધિ નો પરિચય આપ્યો છે

આવા દાનવીરો ને સાચી શ્રધ્ધાંજલિ ત્યારેજ અર્પિત કરી શકાશે જ્યારે આપણે સહુ આવા માનવતા નાં પથ ને અલૌકિક કરનાર મહામાનવો નાં જીવન નું અનુસરણ કરી માત્ર વાતો થી અનુમોદના ના કરી એને કર્મો થી પણ સાકાર કરીએ.

ચક્ષુદાન..અંગદાન ..અને દેહદાન માટે સંકલ્પિત થઈશું.
Health & Disaster Team

સદૈવ સદૈવ આવા જીવન દાન વીરો ની ઋણી રહેશે..

આ સમયે...

માં ઉમિયા પાસે હૃદયપૂર્વક પ્રાર્થના કે જે જીવ તમ શરણે આવ્યો છે એને સદગતિ અને શાંતિ આપે અને પરિવારજનો ને આ દુઃખ ની ઘડી ને સહન કરવા ની શક્તિ આપે.

**હૃદયપૂર્વક કૃતજ્ઞતા સ્વરૂપ આભાર**
**નવીન જબુવાણી, અમરાવતી**
**YUVASANGH**
**HEALTH & DISASTER MANAGEMENT**
**૨૧/૨ ઉકન્વીનરશ્રી.**

## ભંડારા સમાજમાં માતૃ - પિતૃ પૂજન કાર્યક્રમ યોજાયો

સોમવાર તા. ૧૪.૦૨.૨૦૨૨ ના સાંજે ૭:૦૦ કલાકે કચ્છ કડવા પાટીદાર સમાજ ભંડારા , વિદર્ભ રીજીયન માં માતૃ- પિતૃ પૂજન કાર્યક્રમ નું આયોજન યુવક મંડળ અને મહિલા મંડળ ના સહિયારા પ્રયાસ થકી કરવામાં આવ્યું.

સૌ પ્રથમ સમાજ ના ઉપાઅધ્યક્ષ રમેશભાઈ અર્જુનભાઈ પોકાર, મહામંત્રી હંસરાજભાઈ રવજીભાઈ સાંખલા , મહીલા મંડળ ના પ્રમુખ શ્રીમતી દમયંતીબેન રણછોડભાઈ પોકાર, મંત્રી શ્રીમતી મંજુલાબેન ભાણજીભાઈ સાંખલા તેમજ યુવકમંડળ ના પ્રમુખ સુરેશભાઈ ભીમજીભાઈ સાંખલા સૌએ સાથે મળીને લક્ષ્મીનારાયણ ભગવાન અને ઉમિયા માતાજીની વિધિવત પૂજા અને દ્વીપ પ્રગટ્યા કરી ને માતૃ- પિતૃ પૂજન કાર્યક્રમ નો શુભ આરંભ કર્યો.

યુવક મંડળ ના મંત્રી શ્રી મયુર ભાણજીભાઈ સાંખલા દ્વારા કાર્યક્રમ નુ સંચાલન કરવામાં આવ્યું હતું.

તેમજ પુલવામા હમલા માં શહીદ થયેલા જવાનો માટે ૨ મિનિટ નું મૌન રાખી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

મહિલા મંડળ ની આધ્યાત્મિક અને સાંસ્કૃતિક સમિતિ દ્વારા આયોજિત કાર્યક્રમ ની શરૂઆત શ્રી ગણેશ વંદના થી નાના નાના બાળકો ની સુંદર પ્રસ્તુતિ દ્વારા કરવામાં આવી અને ત્યાર બાદ માતૃ- પિતૃ પૂજન કાર્યક્રમની વિધિવત શરૂઆત કરવામાં આવી અને સાથે સામૂહિક મિલન કરી ઉપસ્થિતિ સર્વે જ્ઞાતિજનો નો સામૂહિક ફોટો પણ લેવામાં આવ્યો. ભોજન ગ્રહણ કરી કાર્યક્રમ ની પૂર્ણાહૂતિ કરવામાં આવી.

**સામાજિક અને આધ્યાત્મિક મિશન લીડર વિદર્ભ...**
**જ્યોતિ સેંઘાણી. નાગપુર**

## સૌ પ્રથમ ઓફ-લાઇન સ્વર્ણિમ કાર્યશાળા ૨૧-૨૩ ના વાવડ સાબર રિજીયન દ્વારે થી...

શ્રી અ.ભા.ક.ક.પા. યુવાસંઘ સાબર રિજીયન ની સ્વર્ણિમ કાર્યશાળા યજમાન બાયડ-કપડવંજ ડિવિઝન ખાતે ગત રવિવાર તા.૧૩-૦૨-૨૦૨૨ ના રોજ વૃંદાવન હોટેલ , માધવકંપા, બાયડ ખાતે યોજાઇ હતી. જેમાં યુવાસંઘ ના સેન્ટ્રલ થી લઈને યુવક મંડળ સુધી, ઝોન સમાજ ના વડીલો સૌ કાર્યકર્તા મિત્રો જોડાયા હતા.

**Session-૧**

સૌ પ્રથમ બાયડ-કપડવંજ ડિવિઝન ચેરમેન ધર્મેન્દ્ર સાંખલા દ્વારા સમૂહપ્રાર્થના, ત્યારબાદ સ્થાનગ્રાહણ, શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું.

સૌ મિત્રો દ્વારા સમાજના દિવંગત સભ્યો ને સમૂહમાં શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી.

નર્મદા કાઉન્સિલ પ્રેસિડેન્ટ ડૉ.વિપુલ છાભૈયા દ્વારા અનુશાસનનો પાઠ ભણાવતો એક વિડીયો ક્લિક બતાવીને કાર્યશાળા નો હેતુ સમજાવ્યો.

ગ્રીનલેન્ડ કાઉન્સિલ પ્રેસિડેન્ટ CA પંકજ પારસિયા દ્વારા યુવાસંઘ લક્ષ્ય અને કાર્યસિદ્ધિ વિશે સમજણ આપી.

રિજીયન IPC મિનેશ વાડિયા દ્વારા યુવાસંઘના ત્રીસ્તરીય માળખા વિશે માહિતી આપી.

ગ્રીનલેન્ડ કાઉન્સિલ પ્રેસિડેન્ટ CA પંકજ પારસિયા દ્વારા કાર્યકર્તા તરીકે મારી કાર્યનિષ્ઠા અને ફરજની પણ માહિતી આપી.

સેન્ટ્રલ રાજકીય જાગૃતિ સમિતિ કન્વીનર મયુર રંગાણી દ્વારા મિશન રાજકીય વિશે ભારપૂર્વક સમજણ આપી અને આગામી સાબર અને અરવલ્લીની ચૂંટણીમાં નવા પરિણામ આવે અને MLA ની સીટ મળે તેવા પ્રયત્નો કરી અને પૂરેપૂરો સાથ સહકાર આપવા તેમણે જણાવ્યું.

સાબર રીજીયન રાજકીય કન્વીનર અશ્વિન છાભૈયા જેઓ અરવલ્લી જિલ્લા કિસાન મોરચા પ્રમુખ તરીકેની જવાબદારી મળી છે તે માટે તેમનું રીજીયન ચેરમેન દિલીપ ધોળુ દ્વારા સન્માન કરવામાં આવ્યું

રીજીયન સલાહકાર પ્રમોદ છાભૈયા ના ધર્મપત્ની હેમાંગિબેન પ્રમોદભાઈ છાભૈયા નું માધવકંપા, મહિલા સમરસ માધવકંપા ના સરપંચ બનવા બદલ નર્મદા કાઉન્સિલ યુવાઉત્કર્ષ PDO રાધાબેન ધોળુ અને રિજીયન યુવાઉત્કર્ષ કન્વીનર રશ્મિબેન વાડિયા અને અન્ય હાજર બહેનો દ્વારા સન્માન કરવામાં આવ્યું.

સેન્ટ્રલ સગપણ સબંધી સમિતિ કન્વીનર નરેશ પોકાર દ્વારા સગપણ સબંધી કાર્યક્રમ નું આયોજન કેવી રીતના કરવું તે વિશે માહિતી આપી.

સેન્ટ્રલ વેબકોમ કન્વીનર નિલેશ વાસાણી દ્વારા રીજીયનમાં લોકડાઉન દરમિયાન થયેલ વેબકોમ અપડેટના કામ માટે રીજીયનનો આભાર માન્યો અને અને એપ્લિકેશનમાં થઈ રહેલા નવિન બદલાવ વિશે માહિતી આપી.

સેન્ટ્રલ YSK CEO સૌરભ રામાણી દ્વારા રૂજીદ્ધ યોજનાની માહિતી તેમજ આજસુધી ના રીજીયનમાં લેવાયેલ રૂજીદ્ધ વર્ષ પ્રમાણેનો રિપોર્ટ PPT સ્વરૂપમાં વિગતવાર ખૂબજ ઊંડાણ પૂર્વક માહિતી આપવામાં આવી.

રીજીયન YSK કન્વીનર શૈલેષ રૂડાણી દ્વારા આગામી બાકી રહેલ YSK ના પડાવ ને કેવી રીતે પહોંચી વળશું તેની આછેરી ઝલક આપવામાં આવી.

રીજીયન સલાહકાર ભરતભાઈ છાભૈયા જેવો પોતાની તબિયત નાતંદુરસ્ત હોવાના કારણે કાર્યશાળામાં આવી શકેલ નથી તેથી પોતાની જોશીલાવાળા અંદાજમાં કાર્યકર્તા ને એક ખુબજ જોશ પૂરતો યુવાસંઘનો સંદેશ એક વિડીયો કલીપ મારફતે મોકલ્યો હતો તે પ્રોજેક્ટર મારફતે સૌને બતાવવમાં આવ્યો.

સેન્ટ્રલ મંત્રી નિલેશભાઈ સુરાણી દ્વારા કાર્ય કેલેન્ડર અને સમજૂતી વિશે માહિતી આપવામાં આવી.

Session-1 પૂરું થતા સૌ સમુહભોજન લીધું.

Session-2

રીજીયન અને ડિવિઝનના થીમ લીડર દ્વારા અલગ અલગ યુવાસંઘ ની ૧૩ સમિતિ પ્રમાણે કાર્ય કેલેન્ડર વર્કશોપ કરવામાં આવ્યો.

સાબર રીજીયનના ૮ ડિવિઝન દ્વારા પણ તેમના વિસ્તારમાં આગામી ૨ વર્ષ દરમિયાન ૧૩ સમિતિ પ્રમાણે કાર્ય કેલેન્ડરનો વર્કશોપ કરવામાં આવ્યો.

રીજીયન મિશન ચેરમેન બીપીન રંગાણી દ્વારા ૧૩ સમિતિના નક્કી કરેલ કાર્ય કેલેન્ડર વિશે સૌને માહિતી આપી.

સ્વર્ણિમ કાર્યશાળામાં સેન્ટ્રલ તેમજ કાઉન્સિલમાંથી પધારેલ મેન્ટર નું ૮ ડિવિઝન ના ચેરમેન/સેક્રેટરી દ્વારા સન્માન કરવામાં આવ્યું.

ગ્રીનલેન્ડ કાઉન્સિલ પ્રેસિડેન્ટ CA પંકજ પારસિયા અને નર્મદા કાઉન્સિલ પ્રેસિડેન્ટ ડૉ.વિપુલ છાભૈયા દ્વારા એક અનોખી કવીઝ સ્પર્ધા યોજવામાં આવી જેમાં ૪ ટિમ બનાવીને કાર્યશાળા દરમિયાન થયેલ ચર્ચા માંથી પ્રશ્નોતરી કરવામાં આવી.

રીજીયન ના ૮ ડિવિઝનની ટિમનું લક્ષ્મીનારાયણ અને ઉમિયા માતાજી ની છબી આપીને સાબર રીજીયન કોરટીમ દ્વારા સન્માન કરવામાં આવ્યું.

ખુલ્લા મંચમાં સભ્યોએ પોતપોતાના મુંઝવતા પ્રશ્નો તેમજ પોતાના મંતવ્યો રજૂ કરવામાં આવ્યા.

રીજીયન ચેરમેન દિલીપ ધોળુ દ્વારા પ્રમુખ સ્થાને રજુઆત કરી અને સાથે જણાવ્યું કે કાઉન્સિલ જોડે રહીને પંચામૃર્ત, સ્નેહગાંઠ, FACE TO FACE જેવા પ્રોગ્રામ કરીશું.

રીજીયન ચીફ સેક્રેટરી મિતેષ છાભૈયા દ્વારા આભારવિધિ કરવામાં આવી.

સેન્ટ્રલ મંત્રી નિલેશભાઈ સુરાણી દ્વારા શપથ અને વિશ્વાસ સાંકળ કરાવવામાં આવી.

રાષ્ટ્રગાન કરીને સૌ મિત્રો અલ્પાહાર કરીને છુટા પડ્યા.

આ સમગ્ર કાર્યશાળા માં ૧૬૫ જેટલા મિત્રો જોડાયા હતા.

સમગ્ર કાર્યશાળાની સંચાલન ટિમ.

- બિપીન રંગાણી, રિજીયન મિશન ચેરમેન
- મિતેષ છાભૈયા, રિજીયન ચીફ સેક્રેટરી
- ધ્રુવ ચૌહાણ, રિજીયન પ્રવક્તા
- નિરલ ભાદાણી, બાયડ-કપડવંજ ડીવી.IPC
- પ્રશાંત નાકરાણી, રિજીયન Edu.&Tal.Hun સમિતિ કન્વીનર

**- બાયડ-કપડવંજ ડિવિઝન ટિમ**
**ધ્રુવ ચૌહાણ સાબર રિજીયન PRO**

## યેવલામાં માતૃ પિતૃ વંદના નો ઉત્સવ

શ્રી.ક.ક.પા.યુવાસંઘ મધ્ય મહારાષ્ટ્ર રિજીયન માં નાસિક-નગર વિભાગ ના યેવલા યુવામંડળ જેના પૂર્વ પ્રમુખ વર્તમાન તત્કાલીન પ્રમુખ શ્રીમતી હેતલબેન પોકાર જેઓ હાલ રિજીયન ટીમમાં સામાજીક-આધ્યાત્મીક સમિતિ ના કન્વીનર તરીકે કાર્ય સંભાળે છે તેઓ દ્વારા રવિવાર તા-૧૩/૨/૨૦૨૨ ના માતૃ-પિતૃ વંદના કાર્યક્રમ નું ખાસ આયોજન કરવામાં આવેલ. જેમા સમાજ ના સર્વે વડીલોનું સર્વપ્રથમ પારીવારીક પૂજન કર્યાબાદ સર્વેએ સમાજ ના સર્વે વડીલો ની સામુહીક પરીક્રમા કરેલ અને વડીલો ના આશિર્વાદ મેળવેલ. આજના સર્વશ્રેષ્ઠ પ્રેમ ને જો કોઈ હકદાર હોય તો તે માતા પિતા જ છે તેની પ્રતીતિ સહુ ને અવિરત થાય ને બાળકો માં પણ તેવા સંસ્કારનું સિંચન થાય તેવા ભાવ સાથે આ કાર્યક્રમ કરવમાં આવેલમાત-પિતા ના પુજન બાદ સમાજ ના છોકરાઓ દ્વારા માત-પિતા પર વકૃત્વ અને ડાન્સ ના પ્રોગ્રામ ની પ્રસ્તુતી કરેલ તથા સર્વે એ સામુહીક ભોજન પ્રસાદ આરોગયા બાદ છુટા પડેલ.

નૈનાબેન પરેશ સાંખલાયેવલાયેવલા યુવામંડળ સામાજીક-આધ્યાત્મિક કન્વીનર

હેતલબેન સતિષ પોકાર, યેવલા MMR રિજીયન કન્વીનર

## ભાવભીની શ્રદ્ધાંજલી-સનાતન ધર્મ પત્રિકા

**તા.૧૫-૦૨-૨૦૨૨ મંગળવાર**
**સ્વ.કરસનભાઇ દેવજીભાઈ પોકાર ઉમર : ૯૦ વર્ષ**
કચ્છમાં ગામ : કાદિયાનાના (સ્થાનિક)
અવસાન કારણ : કુદરતી, નૈસર્ગિક

**સ્વ.દેવેન્દ્રભાઈ(કિર્તી) મણિલાલભાઈ છાભૈયા ઉંમરઃ૪૬ વર્ષ**
કચ્છમાં ગામ : આણંદપર હાલે : બાલાઘાટ
અવસાન : મલ્ટી ઓર્ગન ફેલ થવાથી

**તા. ૧૬-૦૨-૨૦૨૨ બુધવાર**
**સ્વ.કંકુબેન કાનજીભાઈ ભગત ઉમરઃ૯૬ વર્ષ**
કચ્છમાં ગામ : વિથોણ હાલે : સુરત (ગુજરાત)
ઉંમર ને લઈને સુઃખદ અવસાન

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

**પરમકૃપાળુ પરમાત્મા સદગતના દિવ્ય આત્મા ને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના,**
**શ્રી સમાજ સનાતન ધર્મ પત્રિકાની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા ભાવ પૂર્ણ શ્રદ્ધાંજલિ**
**ૐ શાંતિ શાંતિ શાંતિ ....**